# રાજ્ય પરીક્ષા બોર્ડ,ગુ.રા.,સેકટર-૨૧,ગાંધીનગર

"પ્રાથમિક અને માધ્યમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા-૨૦૧૯ "

"ELEMENTARY INTERMEDIATE DRAWING GRADE EXAM-2019 "

જાહેરનામું:-ક્રમાંક:રાપબો/ચિત્રકામ કક્ષા પરીક્ષા/૨૦૧૯/5415-5536 તારીખ:૦૪/૦૯/૨૦૧૯

સરકારશ્રીનાં શિક્ષણ વિભાગ, ગાંધીનગરનાં તા.૧૭/૫/૧૯૯૩ના ઠરાવ ક્રમાંક:ચિકપ/૧૦૯૨/૨૨૬૫/ગ-૧,અન્વયે અને તા.૦૯/૦૭/૨૦૧૯ ના રોજ બપોરના 3.00 કલાકે રાજ્ય પરીક્ષા બોર્ડના અધ્યક્ષશ્રીના અધ્યક્ષપદે ચિત્રકામ પરીક્ષા સમિતીની બેઠક મળેલ હતી બેઠકમાં કરેલ સુધારા મુજબ રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ચિત્રકામ કક્ષા પરીક્ષા-૨૦૧૯ નો કાર્યક્રમ નીચે મુજબ જાહેર કરવામાં આવે છે.

આ પરીક્ષા માટેના આવેદનપત્રો www.sebexam.org વેબસાઇટ પર તારીખ:૧૮/૦૯/૨૦૧૯ થી તા:03/૧૦/૨૦૧૯ દરમિયાન ઓનલાઇન ભરવાના રહેશે.

❖ પરીક્ષાનો કાર્યક્રમ :

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | જાહેરનામુ પ્રસિદ્ધ થયા તારીખ | ૦૫/૦૯/૨૦૧૯ |
| ૨ | www.sebexam.org વેબસાઇટ પર પરીક્ષા માટેનું આવેદનપત્ર ઓનલાઇન ભરવાનો સમયગાળો | ૧૮/૦૯/૨૦૧૯ થી 03/૧૦/૨૦૧૯ |
| 3 | પરીક્ષા માટેની ફી ભરવાનો સમયગાળો | ૧૮/૦૯/૨૦૧૯ થી ૦૫/૧૦/૨૦૧૯ |
| ૪ | (૧)પ્રાથમિક ચિત્રકામ પરીક્ષાના પ્રાથમિક શાળા દ્વારા ભરાયેલા આવેદનપત્રો તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીની કચેરીમાં જમા કરાવવાની અંતિમ તારીખ<br><br>(૨)માધ્યમિક ચિત્રકામ પરીક્ષાના માધ્યમિક શાળા દ્વારા ભરાયેલા આવેદનપત્રો જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીમાં જમા કરાવવાની અંતિમ તારીખ | ૧૬/૧૦/૨૦૧૯ |
| ૫ | (૧) પ્રાથમિક ચિત્રકામ પરીક્ષા માટે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીની કચેરી દ્વારા આવેદનપત્રોની ચકાસણી કરી રા.પ.બોર્ડ દ્વારા આપવામાં આવેલ લોગઇન પર ઓનલાઇન એપ્રુવ કરવાની તથા આવેદનપત્રો DPEO કચેરીમાં જમા કરાવવાની અંતિમ તારીખ<br><br>(૨)માધ્યમિક ચિત્રકામ પરીક્ષા માટે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા આવેદનપત્રોની ચકાસણી કરી રા.પ.બોર્ડ દ્વારા આપવામાં આવેલ લોગઇન પર | 30/૧૦/૨૦૧૯ |



Scanned by CamScanner

| | | | |
|---|---|---|---|
| | ઓનલાઇન એપ્રુવ કરવાની તથા આવેદનપત્રો DEO કચેરીમાં જમા કરાવવાની અંતિમ તારીખ | | |
| ૬ | (૧)પ્રાથમિક ચિત્રકામ કક્ષા પરીક્ષાના DPEO કચેરી દ્વારા તાલુકામાંથી આવેલ આવેદનપત્રોની હાર્ડકોપી રા.પ.બોર્ડમાં જમા કરાવવાની અંતિમ તારીખ<br><br>(૨)માધ્યમિક ચિત્રકામ કક્ષા પરીક્ષાના DEO કચેરી દ્વારા તાલુકામાંથી આવેલ આવેદનપત્રોની હાર્ડકોપી રા.પ.બોર્ડમાં જમા કરાવવાની અંતિમ તારીખ | | ૦૯/૧૧/૨૦૧૯ |
| ૭ | પરીક્ષા તારીખ | પ્રાથમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા | ૦૮/૧૨/૨૦૧૯ |
| | | માધ્યમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા | ૧૪/૧૨/૨૦૧૯<br>૧૫/૧૨/૨૦૧૯ |

- **ઉમેદવારની લાયકાત :-**
  - પ્રાથમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા:- ધોરણ- ૫ થી ૮ સુધી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ આપી શકશે.
  - માધ્યમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા:- ધોરણ- ૯ થી ૧૨ સુધી અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ આપી શકશે.
- **પરીક્ષા ફી :-**
  - પ્રાથમિક ચિત્રકામ કક્ષા પરીક્ષાની ફી રૂ.૫૦/-(અંકે રૂપિયા પચાસ પુરા)
  - માધ્યમિક ચિત્રકામ કક્ષા પરીક્ષાનીફી રૂ.૬૦/-(અંકે રૂપિયા સાઇઠ પુરા)
  - સર્વિસચાર્જ અલગથી ચૂકવવાનો રહેશે. કોઇપણ સંજોગોમાં ભરેલ ફી પરત કરવામા આવશે નહિ.

- **પ્રાથમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા-૨૦૧૯ કાર્યક્રમ**

| ક્રમ | તારીખ | વાર | સમય | વિષય |
|---|---|---|---|---|
| પેપર -૧ | ૦૮/૧૨/૨૦૧૯ | રવિવાર | ૧૦.૩૦થી ૧.૦૦ | નેચર |
| પેપર -૨ | ૦૮/૧૨/૨૦૧૯ | રવિવાર | ૧.૩૦થી ૪.૦૦ | ભાતચિત્ર |
| પેપર -૩ | ૦૮/૧૨/૨૦૧૯ | રવિવાર | ૪.૩૦ થી ૫.૩૦ | ચિત્રસંયોજન |

- **માધ્યમિક ચિત્રકામ કક્ષા પરીક્ષા-૨૦૧૯ કાર્યક્રમ**

| ક્રમ | તારીખ | વાર | સમય | વિષય |
|---|---|---|---|---|
| પેપર -૧ | ૧૪/૧૨/૨૦૧૯ | શનિવાર | ૧૦.૩૦થી ૧.૩૦ | માનવસર્જિત પદાર્થ |
| પેપર -૨ | ૧૪/૧૨/૨૦૧૯ | શનિવાર | ૨.૩૦થી ૫.૩૦ | ભાતચિત્ર |
| પેપર -૩ | ૧૫/૧૨/૨૦૧૯ | રવિવાર | ૧૦.૩૦થી ૧.૩૦ | ચિત્રસંયોજન |
| પેપર -૪ | ૧૫/૧૨/૨૦૧૯ | રવિવાર | ૨.૩૦થી ૪.૩૦ | અક્ષરલેખન |

Scanned by CamScanner

❖ <u>પરીક્ષા કેન્દ્ર:</u>

- જે શાળામાં પ્રાથમિક ચિત્રકામ પરીક્ષાના કુલ ૧૦૦ કે તે કરતાં વધુ વિદ્યાર્થીઓ નોંધાય તે શાળાને પરીક્ષા કેન્દ્ર ફાળવવાનું નક્કી કરવામાં આવ્યું.
- જે શાળામાં માધ્યમિક ચિત્રકામ પરીક્ષાના કુલ ૧૦૦ કે તે કરતાં વધુ વિદ્યાર્થીઓ નોંધાય તે શાળાને પરીક્ષા કેન્દ્ર ફાળવવાનું નક્કી કરવામાં આવ્યું.
- જે શાળામાં ૧૦૦ કરતાં ઓછા વિદ્યાર્થીઓ નોંધાય તે શાળાના વિદ્યાર્થીઓને નજીકના પરીક્ષા કેન્દ્ર અથવા આવી શાળાઓ પૈકી ભૌગોલિક સ્થિતિ ધ્યાને લઇને તે શાળાઓ પૈકી કલ્સટર કક્ષાએ કોઇ એક શાળા ખાતે પરીક્ષા કેન્દ્ર રાખવાનું નક્કી કરવામાં આવ્યું.
- પરીક્ષા કેન્દ્ર નક્કી કરવા બાબતે આખરી નિર્ણય રાજ્ય પરીક્ષા બોર્ડના અધ્યક્ષશ્રી કરશે.

❖ <u>પરીક્ષાના સંચાલન અંગે:-</u>

- પ્રાથમિક ચિત્રકામ પરીક્ષા માટે પરીક્ષા પહેલાની અને પરીક્ષા પછીની કામગીરી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરી હસ્તક રાખવાનું નક્કી કરવામાં આવ્યું.
- માધ્યમિક ચિત્રકામ પરીક્ષા માટે પરીક્ષા પહેલાની અને પરીક્ષા પછીની કામગીરી જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી હસ્તક રાખવાનું નક્કી કરવામાં આવ્યું.

❖ <u>ઓનલાઇન અરજી કરવાની રીત :-</u>

આ જાહેરાતના સંદર્ભમાં રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા ઓનલાઇન જ અરજી સ્વીકારવામાં આવશે.ઉમેદવાર <u>તારીખ:૧૮/૦૯/૨૦૧૯ (બપોરના ૧૫.૦૦) થી તારીખ: ૦૩/૧૦/૨૦૧૯ (રાત્રે ૨૩.૫૯ કલાક સુધી)</u> દરમિયાન <u>www.sebexam.org</u>પર અરજીપત્રક ભરી શકાશે.ઉમેદવારે અરજી કરવા માટે નીચે મુજબના સ્ટેપ્સ અનુસરવાના રહેશે. અરજીપત્રક Confirm કર્યા પછી જ અરજી માન્ય ગણાશે.

- સમગ્ર ફોર્મ અંગ્રેજીમાં ભરવાનું રહેશે.
- સૌ પ્રથમ <u>www.sebexam.org</u> પર જવું.
- 'Apply online ' ઉપર Click કરવું.
- <u>ત્યાર બાદ જો પ્રાથમિક ચિત્રકામ પરીક્ષા આપવા માગતા હોય તો "ELEMENTARY DRAWING GRADE EXAM – 2019"</u> અથવા અને માધ્યમિક ચિત્રકામ પરીક્ષા આપવા માગતા હોય તો <u>"INTERMEDIATE DRAWING GRADE EXAM – 2019"</u>સામે Apply પર Click કરવું.
- Apply પર Click કરવાથી એક window open થશે.
- ત્યારબાદ વિદ્યાર્થીના ડાયસ નંબરમાં ૧૮ અંકનો આધાર ડાયસ નંબર Student U- Dise Number માં નાખવો.
- નોધ :-જો વિદ્યાર્થી પાસે **Student U-Dise Number** ન હોય તો આવા વિદ્યાર્થીએ હાલ જે શાળામાં અભ્યાસ કરતો હોય તે શાળાના આચાર્યશ્રી પાસે મેળવવાનો રહેશે.
- ત્યારબાદ Submit Button પર Click કરવું.



Scanned by CamScanner

- Submit Button પર Click કરવાથી વિદ્યાર્થી અને શાળાની વિગત આપોઆપ આવી જશે. જો શાળા બદલવાની થતી હોય તો આ માટે શાળાનો ડાયસ કોડ નાખવાનો રહેશે.
- ત્યારબાદ બાકીની વિગતો અગ્રેજી માં ભરવાની રહેશે.
- જો ફોર્મમાં કોઈપણ વિદ્યાર્થી નામ, અટક, જન્મ તારીખ,જાતિ કે અન્ય કોઇ ભૂલ હોય અથવા આધાર ડાયસ નંબર નાખતા વિદ્યાર્થીનું નામ ના દેખાય તો વિદ્યાર્થી હાલ જે શાળામાં અભ્યાસ કરતો હોય તે શાળાના આચાર્યશ્રીનો સંપર્ક કરી વિદ્યાર્થીના આધાર ડાયસ નંબરની વિગતમાં આચાર્યશ્રી દ્વારા સુધારો કરવાનો રહેશે. સુધારો થયાના ૪૮ કલાક બાદ આવેદનપત્ર ભરી શકાશે.
- આવેદન પત્ર ભરવાના છેલ્લા દિવસમાં આધાર ડાયસની કોઈપણ ભૂલ વિગતમાં કરાયેલ સુધારો ધ્યાને લેવામાં નહીં આવે આથી ફોર્મ ભરનારે આવેદન પત્રની સમયમર્યાદા ધ્યાને લઈ અધાર ડાયસમાં સુધારો કરવાનો રહેશે.સુધારા કરવાની જવાબદારી જે તે શાળાના આચાર્યની રહેશે.
- ત્યારબાદ Submit અને Confirm બટન પર Click કરવું. અરજી Confirm થયા બાદ Confirm no જનરેટ થશે. જે સાચવીને તમારી પાસે save કરવાનો રહેશે. અને Confirm no પ્રિન્સીપાલ કે ટીચર નાં મોબાઈલ નંબર પર આવી જશે. એકવાર Application Confirm થયા બાદ તેમાં પાછળથી કોઈ પણ સુધારો થશે નહિ જેની ખાસ નોંધ લઇ અને ફોર્મ Confirm કરતાં પહેલા એકવાર ચકાસણી કરી અને પછી જ ફોર્મ Confirm કરવું.
- ત્યારબાદ જો online payment કરવા માગંતા હોય તો print Application ની print કાઢતા પહેલા Online Payment કરવાનું રહેશે. એકસાથે મલ્ટી પેમેન્ટ કરી શકાશે.ઓનલાઇન પેમેન્ટ ગેટવે દ્વારા CREDIT CARD/ATM CARD/NET BANKING થી પરીક્ષા ફી ભરી શકશે.
- ત્યાર બાદ ઓનલાઇન પેમેન્ટ કરી અને Print Application From સાથે e-recepit જનરેટ થઇ જશે. જેની સાથે print લેવાની રહેશે.
- અને જો ઓફલાઇન ફી ભરવા માગતા હોય તો print challan પર click કરી ચલણની સ્લીપ ગુજરાતની કોઇપણ કોમ્પ્યુટરાઇઝ ભારતીય પોસ્ટ ઓફીસની શાખામાં ફી રોકડમાં ભરવાની રહેશે.

❖ <u>ફી સ્વીકાર કેન્દ્ર:-</u>

- ફી સ્વીકાર કેન્દ્ર તરીકે ગુજરાતની કમ્પ્યુટરાઈઝપોસ્ટ ઓફીસોમાં આવેદનપત્ર ભર્યા બાદ ફીના ચલણની પ્રિન્ટ કાઢી ફી ભરી શકાશે. ત્રણ ભાગમાં પ્રિન્ટ થયેલ ચલણ પૈકી બે ભાગપોસ્ટ ઓફીસ દ્વારા પરત આપવામાં આવશે.પોસ્ટ ઓફીસ દ્વારા ફી ભરનારને પોસ્ટ ઓફીસ દ્વારા આપવામાં આવતી રીસીપ્ટ સાથે જે તે કન્ફર્મેશન નંબરથી જ ફી ભરાયેલ છે કે નહિ તેની ચકાસણી કરી લેવાની રહેશે.
- ઓનલાઇન પેમેન્ટ ગેટવે દ્વારા ATM CARD/ NET BANKING થી પણ પરીક્ષા ફી ભરી શકશે.ઓનલાઇન ફી જમા કરાવવા માટે Print Application/Challan" ઉપર ક્લીક કરવું અને વિગતો ભરવી. ત્યાર બાદ Online Payment ઉપર ક્લીક કરવું. ત્યારબાદ આપેલ વિકલ્પોમાં Net Banking of fee"અથવા Other Payment Mode"ના વિકલ્પોમાંથી યોગ્ય વિકલ્પ પસંદ કરવો અને આગળની વિગતો ભરવી. ફી જમા થયા બાદ આપને આપની ફી જમા થઇ ગઇ છે તેવું screen પર લખાયેલું આવશે. અને e-receipt મળશે જેની પ્રિન્ટ કાઢી લેવી. જો પ્રક્રિયામાં કોઇ ખામી હશે તો screen પર આપની ફી ભરાયેલ નથી તેમ જોવા મળશે.



Scanned by CamScanner

- ઓનલાઇન ફી ભરનારે જો તેના બેંક ખાતામાંથી ફીની રકમ કપાયા બાદ ફીની e-receipt જનરેટ ન થઇ હોય તો તાત્કાલિક રાજ્ય પરીક્ષા બોર્ડનો ઇ-મેલથી સંપર્ક કરવાનો રહેશે.

❖ <u>ખાનગી / બહારના ઉમેદવારો:-</u>

- બહારના ઉમેદવારો અટલે (કે જેઓ ધોરણ ૫ થી ૧૨માં શાળામાં અભ્યાસ કરતા ન હોય) તેવા ઉમેદવારો એ પ્રાથમિક કે માધ્યમિક ચિત્રકામ પરીક્ષા આપવી હોય તેવા ઉમેદવારોએ બહારના ઉમેદવાર (EXTERNAL CANDIDATE) તરીકે ઉમેદવારી નોંધાવી શકશે એ માટે બહારના ઉમેદવારોએ રાજ્ય પરીક્ષા બોર્ડ ખાતે મેન્યુઅલી ફોર્મ ભરવાની સુવિધા કરવામાં આવી છે.
- બહારના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવવા માટે નીચે આપેલ લીંક પરથી વિગતો મેળવી રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર ખાતે મેન્યુઅલી ફોર્મ અને ફી ભરી ફોર્મ જમા કરાવવનું રહેશે.
- બહારના ઉમેદવારો માટે પોસ્ટ અથવા કુરીયર દ્વારા ભરેલ ફોર્મ અને ફી સ્વીકારમાં આવશે નહી.

❖ <u>ખાનગી /બહારના ઉમેદવારો માટેની લાયકાત:-</u>

- પ્રાથમિક ચિત્રકામ પરીક્ષા આપવા માટે :- ઓછામાં ઓછુ ધોરણ ૫ થી ૮ નો સુધીનો અભ્યાસ કરેલો હોવો જોઇએ.
- માધ્યમિક ચિત્રકામ પરીક્ષા આપવા માટે :-ઓછોમાં ઓછુ ધોરણ ૯ થી ૧૨ સુધીમાં અભ્યાસ કરેલો હોવો જોઇએ.
- બંન્ને પરીક્ષાના ફોર્મ રાજ્ય પરીક્ષા બોર્ડ ગાંધીનગર ખાતે આવીને રૂબરૂ ભરવાનુ રહેશે. જેના માટે નીચે જણાવેલ ડોક્યુમેન્ટ સાથે લઇને આવવાનું રહેશે.
- ૨ પાસપોર્ટ સાઇઝના ફોટા.
- સ્કૂલ લીવીંગ સર્ટીફીકેટ (leaving certificate)
- કોઇપણ એક આઇટી પ્રુફ(ડ્રાઇંવીગ લાયસન્સ, પાન કાર્ડ, ચૂટણી કાર્ડ, આધાર કાર્ડ)
- જે પરીક્ષા આપવાની હોય એટલે કે પ્રાથમિક ચિત્રકામ પરીક્ષા આપવી હોય તો ધોરણ ૫ થી ૮ સુધીની કોઇપણ ધોરણની માર્કશીટની પ્રમાણીત કરેલ નકલ સાથે લાવવાની રહેશે. અને માધ્યમિક ચિત્રકામ પરીક્ષા આપવી હોય તો ધોરણ ૯ થી ૧૨ સુધીની કોઇપણ માર્કશીટની પ્રમાણીત કરેલ નકલ સાથે લાવવાની રહેશે.
- પ્રાથમિક ચિત્રકામ પરીક્ષા માટે રૂ.૫૦/- ફી
- માધ્યમિક ચિત્રકામ પરીક્ષા માટે રૂ.૬૦/- ફી જે અત્રેની કચેરીમાંથી ફોર્મ ભરી અને ફી આ સાથે ફોર્મ અત્રેની કચેરીની હિસાબી શાખામાં જમા કરાવવાનું રહેશે.

❖ <u>જરૂરી આધારો / પ્રમાણપત્રો :</u>

- ઓનલાઇન ભરેલ આવેદનપત્રની પ્રિન્ટ કાઢી તેની સાથે નીચે મુજબના આધારો/પ્રમાણપત્રો જોડવાના રહેશે.
- ફી ભર્યાનું ચલણ (માત્ર SEB કોપી)



Scanned by CamScanner

❖ <u>શાળાએ કરવાની કાર્યવાહી:-</u>

- વિદ્યાર્થીઓને પરીક્ષા માટેના આવેદનપત્રો ઓનલાઇન ભરી આપવાની સંપૂર્ણ જવાબદારી જે તે શાળાની રહેશે.

(૧)<u>પ્રાથમિક ચિત્રકામ પરીક્ષા(ધોરણ-૫ થી ૮)ના</u> પ્રાથમિક શાળા દ્વારા ભરાયેલા તમામ ઓનલાઇન આવેદનપત્રો ઉપર આચાર્યશ્રીના સહિ-સિક્કા કરી રાજય પરીક્ષા બોર્ડના ચલણની કોપી સાથે <u>તા:-૧૬/૧૦/૨૦૧૯</u> સુધીમાં આવેદનપત્રો સંબંધિત તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીની/શાસનાધિકારી ની કચેરીમાં જમા કરાવવાના રહેશે.

(૨)<u>માધ્યમિક ચિત્રકામ પરીક્ષા (ધોરણ-૯ થી ૧૨)ના</u> માધ્યમિક શાળા દ્વારા ભરાયેલા તમામ ઓનલાઇનઆવેદનપત્રો ઉપર આચાર્યશ્રીના સહિ-સિક્કા કરી રાજય પરીક્ષા બોર્ડના ચલણની કોપી સાથે <u>તારીખ:-૧૬/૧૦/૨૦૧૯</u> સુધીમાં આવેદનપત્રો સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીમાં જમા કરાવવાના રહેશે.

❖ <u>તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રીની કચેરીએ કરવાની કાર્યવાહી:</u>

- તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રીની કચેરીએ આવેલ આવેદનપત્રોની ચકાસણી કરી રા.પ.બોર્ડદ્વારા આપવામાં આવેલ લોગઇન પર ઓનલાઇન એપ્રુવ કરી તારીખ:૩૦/૧૦/૨૦૧૯ સુધીમાં DPEO કચેરીમાં આવેદનપત્રોની હાર્ડકોપી તેમજ એપ્રુવલ યાદીની ફાઇલ જમા કરાવવાની રહેશે.

❖ <u>જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી કચેરીએ કરવાની કાર્યવાહી:</u>

- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરીએ તમામ આવેદનપત્રોની હાર્ડકોપી તથા એપ્રુવલ યાદીની ફાઇલ તારીખ:૦૯/૧૧/૨૦૧૯ સુધીમાં રાજ્ય પરીક્ષા બોર્ડ, ગાંધીનગર ખાતે જમા કરાવવાના રહેશે.

❖ <u>જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીએ કરવાની કાંર્યવાહી:</u>

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીમાં <u>માધ્યમિક ચિત્રકામ પરીક્ષા (ધોરણ-૯ થી ૧૨)ના</u> માધ્યમિક શાળામાંથી આવેલ આવેદનપત્રોની આધારો સહિત ચકાસણી કરી રા.પ.બોર્ડ દ્વારા આપવામાં આવેલ લોગઇન પર તા:૩૦/૧૦/૨૦૧૯ સુધીમાં ઓનલાઇન એપ્રુવ કરવાના રહેશે.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીએ તમામ આવેદનપત્રોની હાર્ડકોપી તા:૦૯/૧૧/૨૦૧૯ સુધીમાં રાજ્ય પરીક્ષા બોર્ડ- ગાંધીનગર ખાતે જમા કરાવવાના રહેશે.

➢ <u>નોંધ: આવેદનપત્રો રા.પ.બોર્ડ દ્વારા આપવામાં આવેલ લોગઇન પર ઓનલાઇન એપ્રુવ કરવા માટેની પદ્ધતિ તથા યુઝર નેમ અને પાસવર્ડ બોર્ડ દ્વારા અલગ પત્રથી તમામ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરીને /તમામ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી મોકલી આપવામાં આવશે.</u>

❖ <u>માર્ગદર્શક સૂચનાઓ ::</u>

- જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રીઓએ પોતાના તાબા હેઠળની તમામ સરકારી પ્રાથમિક તથા માધ્યમિકશાળાઓ, ગ્રાન્ટેડ શાળાઓ, ખાનગી શાળાઓમાં આ જાહેરનામાની નકલ તારીખ:૧૪/૦૯/૨૦૧૯સુધીમાં ફરજીયાતપણે મોકલી આપવાની રહેશે.



Scanned by CamScanner

- કોઇપણ શાળામાંથી જાહેરનામું ન મળ્યાની કે વિલંબથી મળ્યાની ફરીયાદ આવશે તો તેની સંપૂર્ણ જવાબદારી સંબંધિત જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/જિલ્લાપ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રીની કચેરીની રહેશે.
- વિદ્યાર્થીઓને પરીક્ષા માટેના આવેદનપત્રો ઓનલાઇન ભરી આપવાની સંપૂર્ણ જવાબદારી જે તે શાળાની રહેશે.
- પ્રાથમિક શાળા દ્વારા ભરાયેલા પ્રાથમિક ચિત્રકામ પરીક્ષાના તમામ ઓનલાઇન આવેદનપત્રો ઉપર આચાર્યશ્રીના સહિ-સિક્કા કરી જરૂરી આધારો/પ્રમાણપત્રો સાથે તા.૧૬/૧૦/૨૦૧૯સુધીમાં તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીની /શાસનાધિકારીની કચેરીમાં જમા કરાવવાના રહેશે.
- માધ્યમિક શાળા દ્વારા ભરાયેલા માધ્યમિક ચિત્રકામ પરીક્ષાના તમામ ઓનલાઇન આવેદનપત્રો ઉપર આચાર્યશ્રીના સહિ-સિક્કા કરી જરૂરી આધારો/પ્રમાણપત્રો સાથે તા.૧૬/૧૦/૨૦૧૯સુધીમાં જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીમાં જમા કરાવવાના રહેશે.
- તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી/શાસનાધિકારીની કચેરીમાં પ્રાથમિક શાળામાંથી આવેલ આવેદનપત્રોની આધારો સહિત ચકાસણી કરી રા.પ.બોર્ડ દ્વારા આપવામાં આવેલ લોગઇન પર તા.૩૦/૧૦/૨૦૧૯ સુધીમાં ઓનલાઇન એપ્રુવ કર્યા બાદ તમામ આવેદનપત્રોની હાર્ડકોપી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીમાં જમા કરાવવાની રહેશે.
- જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીમાં માધ્યમિક શાળામાંથી આવેલ આવેદનપત્રોની આધારો સહિત ચકાસણી કરી રા.પ.બોર્ડ દ્વારા આપવામાં આવેલ લોગઇન પર તા:૩૦/૧૦/૨૦૧૯ સુધીમાં ઓનલાઇન એપ્રુવ કરવાના રહેશે.
- જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીની કચેરીએ પ્રાથમિક ચિત્રકામ પરીક્ષાના તમામ આવેદનપત્રોની હાર્ડકોપી તા:૦૯/૧૧/૨૦૧૯ સુધીમાં રાજ્ય પરીક્ષા બોર્ડ- ગાંધીનગર ખાતે જમા કરાવવાના રહેશે.
- જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીએ માધ્યમિક ચિત્રકામ પરીક્ષાના તમામ આવેદનપત્રોની હાર્ડકોપી તા:૦૯/૧૧/૨૦૧૯ સુધીમાં રાજ્ય પરીક્ષા બોર્ડ- ગાંધીનગર ખાતે જમા કરાવવાના રહેશે.

❖ અગત્યની સૂચનાઓ ::

- વિદ્યાર્થી અથવા શાળા દ્વારા તેમના આવેદનપત્રો રાજ્ય પરીક્ષા બોર્ડમાં સીધા મોકલવામાં આવશે તો તે રદ ગણવામાં આવશે.
- અરજીપત્રક ભરવામાં કોઇપણ પ્રકારની મુશ્કેલી જણાય તો વેબસાઇટ પર આપવામાં આવેલ ફોન નંબર પર સંપર્ક કરવો.
- જિલ્લા કક્ષાએથી પ્રકાશિત થતાં શૈક્ષણિક મેગેઝિન/વર્તમાનપત્રોમાં પણ જાહેરનામું પ્રસિદ્ધ કરી વધુમાં વધુ વિદ્યાર્થીઓ પરીક્ષામાં ઉપસ્થિત થાય તેવા પ્રયત્નો કરવાના રહેશે.
- વિદ્યાર્થીના હિતને ધ્યાને લઇ, જિલ્લાની દરેક શાળામાંથી ઓછામાં ઓછા ૫ (પાંચ) વિદ્યાર્થીઓના આવેદનપત્ર ભરાય તેવા પ્રયત્નો કરવાના રહેશે.
- જો ફોર્મ ભરતી વખતે કોઈપણ વિદ્યાર્થી નામ, અટક, જન્મ તારીખ,જાતિ કે અન્ય કોઇ ભૂલ હોય અથવા આધાર ડાયસ નંબર નાખતા વિદ્યાર્થીનું નામ ના દેખાય તો વિદ્યાર્થી હાલ જે શાળામાં અભ્યાસ કરતો હોય તે શાળાના આચાર્યશ્રીનો સંપર્ક કરી વિદ્યાર્થીના આધાર ડાયસ નંબરની વિગતમાં આચાર્યશ્રી દ્વારા સુધારો કરવાનો રહેશે. સુધારો થયાના ૪૮ કલાક બાદ આવેદનપત્ર ભરી શકાશે.



Scanned by CamScanner

- આવેદન પત્ર ભરવાના છેલ્લા દિવસમાં આધાર ડાયસની કોઈપણ ભૂલ વિગતમાં કરાયેલ સુધારો ધ્યાને લેવામાં નહીં આવે આથી ફોર્મ ભરનારે આવેદન પત્રની સમયમર્યાદા ધ્યાને લઈ અધાર ડાયસમાં સુધારો કરવાનો રહેશે.સુધારા કરવાની જવાબદારી જે તે શાળાના આચાર્યની રહેશે.
- અરજી ફોર્મ ચોકસાઇ પૂર્વક ઓનલાઇન ભરવાનું રહેશે. પાછળથી નામ, અટક, જન્મ તારીખ,જાતિ કે અન્ય કોઇ બાબતનો સુધારો રાજ્ય પરીક્ષા બોર્ડ દ્વારા કરી આપવામાં આવશે નહી જેની ખાસ નોંધ લેવી.

સ્થળ:- ગાંધીનગર

તારીખ:૦૪/૦૯/૨૦૧૯

(પી.એ.જલુ)

અધ્યક્ષ

રાજ્ય પરીક્ષા બોર્ડ

ગાંધીનગર

---

પરિપત્ર નં_ ૨૫૮

ક્રમાંક- પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર પરીક્ષા/૧૯-૨૦
જિલ્લા શિક્ષણ અધિકારી કચેરી
અમરેલી તા ૯/૯/૨૦૧૯

- નકલ રવાના જાણ તથા અમલ કરવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
અમરેલી કોડ નંબર - ૨૮

પ્રતિ,

આચાર્યશ્રી/આચાર્યાશ્રી

અમરેલી જિલ્લાના તમામ સરકારી/ગ્રાન્ટ/નોનગ્રાન્ટ શાળાઓ

અમરેલી જિ અમરેલી

Scanned by CamScanner